# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*****************************************************

1) ભારત-મોરેશિયસ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણાઃ અનેક ક્ષેત્રોમાં સમજૂતિપત્રો પર હસ્તાક્ષર.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ચંદીગઢ ખાતે પંજાબ યુનિવર્સિટીના 72મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી.

3) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે લોકસભામાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટી સ્થાપના વિધેયક રજૂ કરશે.

4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક દાંડી કૂચમાં ભાગ લેનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપી.

5) અમેરિકાએ કેનેડાથી સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર જકાત બમણી કરી.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MAURITIUS SECOND DAY

ભારત અને મોરેશિયસ વચ્ચે સેંટલુઈસ ખાતે પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણા યોજાઇ હતી. બન્ને દેશો વચ્ચે વિવિધ સમજૂતીનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. MSME ક્ષેત્ર ઉપરાંત ભારત અને મોરેશિયસના નૌકાદળ વચ્ચે તથા સેન્ટ્રલ બેંક ઓફ મોરિશિયસ અને ભારતીય રીઝર્વ બેંક વચ્ચે પણ સમજૂતીના કરાર થયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિદેશમંત્રી ડૉ.એસ. જયશંકર મંત્રણામાં ઉપસ્થિત રહ્યા હતા. સમજૂતીના કરાર બાદ બંને દેશોના પ્રધાનમંત્રીઓએ સંયુક્ત નિવેદન આપ્યું હતું.

દરમિયાન પ્રધાનમંત્રી મોદી મોરેશિયસના 57માં રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. આ અગાઉ, પ્રધાનમંત્રીએ એક્સ પર મોરેશિયસના લોકોને રાષ્ટ્રીય દિવસની શુભેચ્છા પાઠવી હતી.

અગાઉ પ્રધાનમંત્રીએ આજે ભૂતપુર્વ પ્રધાનમંત્રી અને વિરોધ પક્ષનાં નેતા પ્રવિંદ જુગનૌથ સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રીની બે દિવસની મોરેશિયસની યાત્રાનો આજે અંતિમ દિવસ છે.

વધુ વિગતો આપે છે અમારા સંવાદદાતા........

(PM MAURITIUS VIKALP-SHUKLA)

. . . . . . . . . . . . . . . .

# PRESIDENT – PUNJAB VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે દેશના સમાવેશી અને ટકાઉ વિકાસ માટે સમાજના વંચિત અને પછાત વર્ગોના ઉત્થાન પર ભાર મૂક્યો હતો. ચંદીગઢની પંજાબ યુનિવર્સિટીના 72મા દીક્ષાંત સમારોહને સંબોધન કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે વિદ્યાર્થીઓમાં સંવેદનશીલતા અને રાષ્ટ્ર પ્રત્યે પ્રેમની ભાવના જરૂરી છે.

## ( બાઈટ - દ્રૌપદી મુર્મુ)

વિદ્યાર્થીઓને અભિનંદન આપતા તેમણે કહ્યું, વિદ્યાર્થીઓએ સકારાત્મક માનસિકતા રાખવી જોઈએ અને ભવિષ્યના પડકારોનો સામનો કરવા ઉભરતી ટેકનોલોજીઓથી પરિચિત રહેવું જોઈએ.

રાષ્ટ્રપતિએ પ્રખ્યાત ગણિતશાસ્ત્રી. ડૉ. આર.જે. હંસ-ગિલને ડોક્ટર ઓફ સાયન્સ, જ્યારે સામાજિક કાર્યકર સુશ્રી નિવેદિતા રઘુનાથ ભીડેને ડોક્ટર ઓફ લિટરેચર  એનાયત કર્યા.આ ઉપરાંત, ઘણી પ્રતિષ્ઠિત વ્યક્તિઓને તેમના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# PARLIAMENT BILLS TODAY

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે લોકસભામાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટી સ્થાપના વિધેયક રજૂ કરશે. આ બિલમાં આણંદની ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટનું નામ બદલીને ત્રિભુવન સહકારી યુનિવર્સિટી કરીને તેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા જાહેર કરવાની જોગવાઈ છે.

આ યુનિવર્સિટી સહકાર સે સમૃધ્ધિનાં સ્વપ્નને સાકાર કરવા સહકારી ક્ષેત્રમાં ટેકનિકલ અને મેનેજમેન્ટ શિક્ષણ આપશે, સહકારી સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે અને વૈશ્વિક ઉત્કૃષ્ટતાનું કેન્દ્ર બનશે.

કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરી ઓઇલફિલ્ડ્સ એક્ટ, 1948માં સુધારા અંગેનું બિલ રજૂ કરશે. આજે રાજ્યસભામાં રેલવે મંત્રાલયની કામગીરી પર પણ ચર્ચા થશે. વિવિધ સ્થાયી સમિતિઓ બંને ગૃહોમાં તેમનાં અહેવાલ રજૂ કરશે.

. . . . . . . . . . . . . . . .

# LS-MGNREGA

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) યોજનાના અમલીકરણમાં જ્યાં પણ નિયમોનું ઉલ્લંઘન થશે ત્યાં ટીમો મોકલીને યોગ્ય કાર્યવાહી કરાશે. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગઇકાલે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન જવાબ આપતા આમ જણાવ્યું હતું.

રાજ્યમંત્રી કમલેશ પાસવાને ગૃહને માહિતી આપી કે, કેન્દ્ર સરકારે તાજેતરના વર્ષોમાં મનરેગા માટે ભંડોળ ફાળવણીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. તેમણે ઉમેર્યું કે, 2006-07માં યુપીએ શાસન દરમિયાન આ યોજના માટે 11 હજાર

**કરોડ રૂપિયાથી વધુ ફાળવવામાં આવ્યા હતા જે 2024-25માં વધારીને 86 હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે.**

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## ECI-POLITICAL PARTIES

**કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ રાષ્ટ્રીય અને પ્રાદેશિક રાજકીય પક્ષો પાસેથી 30 એપ્રિલ સુધીમાં ચૂંટણી નોંધણી અધિકારીઓ, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અથવા મુખ્ય ચૂંટણી અધિકારીના સ્તરે કોઈપણ વણઉકેલાયેલા મુદ્દાઓ માટે સૂચનો મંગાવ્યા છે. એક નિવેદનમાં, ચૂંટણી પંચે જણાવ્યું કે, તે સ્થાપિત કાયદા અનુસાર ચૂંટણી પ્રક્રિયાઓને વધુ મજબૂત બનાવવા માટે પરસ્પર અનુકૂળ સમયે પક્ષના પ્રમુખો અને વરિષ્ઠ સભ્યો સાથે વાતચીત પણ કરશે.**

. . . . . . . . . . . . . . .

# NEPAL BORDER ARREST

નેપાળથી બિહાર થઈને ભારતમાં પ્રવેશતા બે બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે.

મંગળવારે ખુલ્લી ભારત-નેપાળ સરહદનો ગેરફાયદો લઈને બિહારમાં ઘૂસણખોરી કરતી વખતે પકડાયેલા બંને બાંગ્લાદેશી નાગરિકો હાલમાં બિહારની કિશનગંજ પોલીસની કસ્ટડીમાં છે.

એસએસબી એ, કિશનગંજ જિલ્લાના ગલગલિયા બોર્ડર પરથી બે બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે. કિશનગંજના એસ.પી. સાગર કુમારે પાઠામારી બોર્ડર પરથી બંનેની ધરપકડની પુષ્ટિ કરી. એસ.પી.એ જણાવ્યું કે, તેઓ નેપાળથી ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમની પાસે નેપાળના વિઝા નહોતા અને ભારતમાં પ્રવેશવા માટે કોઈ સત્તાવાર દસ્તાવેજ નહતો.

ધરપકડ કરાયેલા બાંગ્લાદેશીઓની તપાસ કરતાં, તેમની પાસેથી વિદેશી ચલણ, શંકાસ્પદ દસ્તાવેજો, રેલ્વે ટિકિટ, હોટેલ બુકિંગ, ઇમિગ્રેશન કાગળો અને મોબાઇલ ફોન મળી આવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# PM-DANDI MARCH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઐતિહાસિક દાંડી કૂચમાં ભાગ લેનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપી.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું, મહાત્મા ગાંધીની આગેવાની હેઠળની કૂચએ આત્મનિર્ભરતા અને સ્વતંત્રતા માટે રાષ્ટ્રવ્યાપી ચળવળને પ્રજ્વલિત કરી. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, દાંડી કૂચમાં ભાગ લેનારા તમામ લોકોની હિંમત, બલિદાન, સત્ય અને અહિંસા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા પેઢી દર પેઢી પ્રેરણા આપે છે.

. . . . . . . . . . . . . . .

## US CANDAD IMPORT DUTY

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાથી સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર જકાતમાં મોટા વધારાની જાહેરાત કરી છે.

પ્રારંભમાં 25 ટકાની આયાત બમણી કરીને 50 ટકા કરવામાં આવી છે. નવા દર આજથી અમલી બન્યા છે. અમેરિકાના ગ્રાહકો માટે વીજળી દરમાં વધારો કરવાના કેનેડાના નિર્ણયનાં જવાબમાં ટ્રમ્પે કેનેડાની આયાત પર જકાત બમણી કરી છે.

કેનેડાના ક્યુબેક પ્રાંતે અમેરિકાનાં વીજળી બજાર પર 25 ટકા પેનલ્ટી લાદી છે. આ નિર્ણયને પગલે ટ્રમ્પે અમેરિકાનાં અસરગ્રસ્ત રાજ્યોમાં વીજળી અંગેની રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે.

. . . . . . . . . . . . . . .

## AIR CHIEF-DSSC ADDRESS

વાયુસેનાના વડા, એર ચીફ માર્શલ એ પી સિંહે, વિકસતા ભૂ-વ્યૂહાત્મક પરિદૃશ્યમાં ઉભરતા સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે ઝડપી ક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે વેલિંગ્ટનમાં ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજમાં 80મા સ્ટાફ કોર્સ અને કાયમી ફેકલ્ટીમાંથી પાસ થયેલા ભારતીય સશસ્ત્ર દળોના વિદ્યાર્થી અધિકારીઓને સંબોધન કરતી વખતે આ વાત કહી હતી. વાયુસેના પ્રમુખે પરિવર્તનને સ્વીકારવા, બદલાતા જોખમોનું મૂલ્યાંકન કરવા અને ભવિષ્યના સંઘર્ષો માટે અનુકૂળ વ્યૂહરચના વિકસાવવા વિનંતી કરી હતી.

. . . . . . . . . . . . . . .

# NEW YORK PROTEST

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં આજે સેંકડો પેલેસ્ટિનિયન સમર્થકોએ પ્રદર્શન કર્યું. પ્રદર્શનકારીઓએ  મધ્ય પૂર્વમાં ટ્રમ્પ વહીવટીતંત્રની નીતિઓ વિરુદ્ધ કૂચ કરી હતી. આ કૂચ વોશિંગ્ટન એસ.સી. પાર્કથી શરૂ થઈ હતી અને લોઅર મેનહટનના સિટી હોલ સુધી ચાલુ રહી હતી. આ સંદર્ભમાં, પોલીસે ઘણા વિરોધીઓની ધરપકડ કરી હતી.

ન્યુ યોર્ક સિટીમાં કોલંબિયા યુનિવર્સિટીને આપવામાં આવતી 400 મિલિયન ડોલરની સહાય બંધ કરવાના ટ્રમ્પ વહીવટીતંત્રના તાજેતરના નિર્ણય સામે વિરોધ પ્રદર્શન થયા છે.

. . . . . . . . . . . . . . .

# MEA REPTRIATION

દક્ષિણપૂર્વ એશિયાના સાયબર ક્રાઇમ સેન્ટરોમાંથી મુક્ત થયા બાદ, કેન્દ્ર સરકારે મંગળવારે ભારતીય વાયુસેનાના વિમાન દ્વારા 266 ભારતીયોને સલામત સ્વદેશ પરત લાવવાની વ્યવસ્થા કરી હતી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, ભારતીય દૂતાવાસોએ મ્યાનમાર અને થાઇલેન્ડ સરકારો સાથે મળીને તેમની મુક્તિને સુરક્ષિત કરવામાં અને તેમના સ્વદેશ પરત લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે જણાવ્યું કે, સોમવારે આવી જ રીતે 283 ભારતીયોને દેશમાં પાછા લાવવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . .